વોર્ડ નંબર-૩માં ગંદકીનું સામ્રાજ્ય : પાલનપુરમાં સોસાયટીની પાછળ ગંદા પાણીના નિકાલ મુદ્દે આંદોલનની ચિમકી

પાલનપુરમાં વોર્ડ નંબર ૩ માં આવેલી સોસાયટી પાછળ જ નગરપાલિકા દ્વારા ગંદા પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો હોઈ રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. જ્યાં રવિવારે એકત્રિત થયેલા રહીશોએ જો આ સમસ્યાનો ઉકેલ નહિ આવે તો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી. પાલનપુર શહેરના ગંદા પાણીનો નિકાલ અગાઉ સદરપુર નજીક કરવામાં આવતો હતો. જોકે, ત્યાં રાજીવગાંધી આવાસ બનાવી દેવામાં આવ્યા છે. વર્તમાન સમયે ગંદા પાણી માનસરોવર તેમજ અન્ય જગ્યાએ ઠાલવવામાં આવી રહ્યા છે. જેમાં વોર્ડ નંબર ત્રણમાં હરિઓમ સોસાયટી પાછળ ગંદા પાણીનો નિકાલ કરવામાં આવતો હોઈ સ્થાનિક રહીશોમાં ભારે રોષ ઉદ્દભવવા પામ્યો છે. જ્યાં રવિવારે સ્થાનિક નગર સેવિકા આશાબેન રાવલ સહિત રહીશો એકત્રિત થયા હતા. તેમણે આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં ગંદુ પાણી ભરાઈ રહેતા લોકો ડેન્ગ્યુ સહિત મચ્છરજન્ય બિમારીમાં સપડાયા છે. તેમજ ભયંકર રોગચાળાની ભીતિ સેવાઇ રહી છે. આ અંગે નગરપાલિકામાં વાંરવાર રજુઆત કરવા છતાં પણ કોઈજ ઉકેલ આવતો નથી. જો ગંદા પાણીના નિકાલની તાત્કાલિક વ્યવસ્થા નહીં થાય તો આંદોલન કરવામાં આવશે.

ગાંધીનગર નજીક સાબરમતીની કોતરોમાં હજુ દીપડાની આવન-જાવન

દોલારાણા વાસણા ગામની સીમમાં હજુ પણ દીપડો લાપત્તા, વહેલી સવારે પાડાનું મારણ કરી ગાયબ

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર નજીક પસાર થતી સાબરમતિ નદીના કોતરોમાં છેલ્લા એક વર્ષથી દિપડો આંતક મચાવી રહ્યો છે. જેને પગલે નદી કિનારાના ગામના ગ્રામજનો ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સાંજ ઢળતા જ દિપડાને પગલે ગ્રામજનો ઘરની બહાર નીકળતા નથી તેવી પરિસ્થિતિની વચ્ચે નદી કિનારે આવેલા દોલારાણા વાસણા ગામની સીમમાં વહેલી સવારે દીપડાએ પાડાનું મારણ કર્યું હતું અને ખેતરોમાંથી પસાર થઈ ગયો હતો. આ દિપડાના પગના નિશાન પણ જોવા મળી રહ્યા છે. ત્યારે દિપડાને પકડવા માટે છેલ્લા કેટલાક દિવસથી વનવિભાગની ટીમ પ્રયત્નો કરી રહી છે. પરંતુ દિપડાને પકડવામાં સફળતા મળતી નથી. ત્યારે દિપડાના આંતકની વચ્ચે નદી કિનારાના ગ્રામજનો ભયમાં જીવન પસાર કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના દોલારાણા વાસણા ગામના પેટા પરા બાપુપુરામાં વહેલી સવારે દિપડો ત્રાટક્યો હતો. ત્યારે ગામના છેવાડે રહેતા તલાજી ઠાકોરના વાડામાં બાંધેલી ભેંસના બચ્ચાનું મારણ કર્યું હતું. પાડુ એકાએક ભાંભરવા લાગતા આસપાસના ગ્રામજનો જાગી ગયા હતા. પરંતુ તે ગામના નાગરીકો દિપડા સામે નજર નાંખે તે પહેલા દિપડો આંખના પલકારમાં અદ્રશ્ય થઈ ગયો હતો.જયારે વહેલી સવારે નાગરીકોને ખેતરમાં દિપડાના પંજા પણ નજરે પડ્યા હતા. બાપુપુરા ગામે દિપડાએ મારણ કર્યું હોવાના સમાચાર મળતા વનવિભાગની ટીમો આવી પહોંચી હતી અને મારણ સાથેના પાંજરા પણ ગોઠવી દીધા હતા.જયારે અલગ અલગ ટીમો બનાવી તંત્રના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી.પરંતુ દિપડા અંગે કોઈ વાવડ મળ્યા ન હતા. ત્યારે છેલ્લા ઘણા સમયથી સાબરમતિ નદીના કોતરોના ગામમાં આવીને દિપડો મારણ કરીને પલાયન થઈ જાય છે. જેને પગલે ગ્રામજનોમાં પણ ફફળાટ ફેલાયો છે.

ગળતેશ્વરના અંબાવની પાસે દુર્ઘટનામાં પાંચના મોત

સેવાલિયા પોલીસે મૃતદેહોને પીએમ માટે મોકલી સમગ્ર મામલમાં તપાસ શરૂ કરી : અકસ્માતને પગલે ટ્રાફિકજામ

અમદાવાદ, તા.૧૩

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના અંબાવ નજીક આજે બપોરે એક લક્ઝરી બસ અને કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોના મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને એકસાથે પાંચ લોકોના મોતને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સેવાલિયા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બનાવને લઈ તપાસ હાથ ધરી હતી. પોલીસે તમામ મૃતકોના મૃતદેહને પીએમ માટે મોકલી આપવાની તજવીજ પણ હાથ ધરી હતી. અકસ્માત એટલો ભયંકર અને ગમખ્વાર હતો કે, લકઝરી બસની ટક્કરમાં કારનો જબરદસ્ત રીતે કચ્ચરઘાણ વળી ગયો હતો અને આખી કારનો ભુક્કો જ બોલી ગયો હતો. જેના કારણે કારમાં બેઠેલા ચાલક સહિતના અન્ય લોકો મળી પાંચના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા હતા. બનાવને પગલે સ્થાનિક લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્ર થઇ ગયા હતા અને કારની ભુક્કો બોલેલી હાલત અને પાંચ મૃતદેહો જોઇ સૌકોઇમાં અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી. ગળતેશ્વર તાલુકાના અંબાવ નજીક ડાકોર-સેવાલિયા રોડ પર આજે બપોરે પૂરપાટઝડપે જઇ રહેલી લકઝરી બસે આજે એક કારને જોરદાર રીતે ટક્કર મારી ગંભીર ગમખ્વાર અકસ્માત સર્જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી.

લકઝરી બસની ટક્કર એટલી જોરદાર હતી કે, કારનો જોરદાર રીતે ભુક્કો બોલી ગયો હતો અને કચ્ચરઘાણ વળી ગયો હતો, ગમખ્વાર એવા આ અકસ્માતમાં પાંચ જણાંના ઘટનાસ્થળે જ મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટીની લાગણી પ્રસરી ગઇ હતી. અકસ્માતને લઇ હાઇવે પર ટ્રાફિક ચક્કાજામ થઇ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સેવાલિયા પોલીસે પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી સમગ્ર મામલે જરૂરી તપાસ હાથ ધરી હતી. ગુજરાતના જુદા જુદા ભાગોમાં હાલ અકસ્માતોનો સિલસિલો જારી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી મોટા માર્ગ અકસ્માતો થયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ અમદાવાદ જિલ્લાના ધંધૂકા-બરવાળા રોડ પર તગડી ગામ પાસે ટ્રકની પાછળ આઇ ૧૦ કાર ઘૂસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે મહિલા સહિત ચાર જણાંના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતા, જ્યારે અન્ય એકને સારવાર અર્થે ધંધૂકા આરએમએસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બીજી બાજુ હિંમતનગર-અમદાવાદ રોડ પર પ્રાંતિજના તાજપુર ફૂઇ પાસે આજે બપોરે સ્વીફ્ટ કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતાં બે વ્યકિતના કરૂણ મોત નીપજયા હતા. અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઇ હતી. ગમખ્વાર અકસ્માતમાં સ્વીફ્ટ કારનો ભુકકો બોલી ગયો હતો, જેને પગલે એક તબક્કે કેઇનને બોલાવવી પડી હતી. અકસ્માતોને રોકવા વિવિધ પગલા લેવાયા હોવા છતાં અકસ્માતોનો સિલસિલો જારી રહ્યો છે.

જિલ્લામાં ૩ પંચાયતોની પેટા ચૂંટણીમાં મતદાન શાંતિપૂર્ણ રહ્યું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે ત્રણ ગ્રામ પંચાયતોની પેટા-ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

જિલ્લાના કલોલ, માણસા અને દહેગામ તાલુકાની ગ્રામ પંચાયતોમાં સરપંચની જગ્યા માટે પેટા-ચૂંટણીઓ યોજવામાં આવી હતી.

કલોલ તાલુકાના ધમાસણા ગામે, માણસા તાલુકાના બોરૂ ગામે તથા દહેગામ તાલુકાના ઝાલિયા મઠ ગામે આ પેટા ચૂંટણીનું મતદાન યોજાયુ હતુ. ત્રણેય ગામમાં ૭૦ ટકા કરતાં વધુ મતદાન થયુ છે. આ ત્રણેય ગામોમાં સીધો બે ઉમેદવાર વચ્ચે જંગ હોવાથી આ ગામોમાં ઉત્તેજનાઓ વધુ છવાયેલી રહી હતી. જો કે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તંત્રએ રાહતનો દમ લીધો છે. આ ત્રણેય ગામમાં નવ મતદાન મથકો ઉભા કરાયા હતા.

મતગણતરી મંગળવારના રોજ મામલતદાર કચેરી ખાતે યોજાશે અને મંગળવારે બપોરના ૧૨ વાગ્યા સુધીમાં પરિણામ જાહેર થઈ જશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ભિલોડામાં કરીયાણાની દુકાનમાંથી ૨૫ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક ઝડપાયું

ભિલોડા,તા.૧૩

કેન્દ્ર અને રાજ્ય સરકાર ધ્વારા ૨ જી ઓક્ટોબર ગાંધીજીની જન્મ જયંતીના દિને સીંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ પર પ્રતિબંધ મુક્યો હોવા છતાં અમુક વેપારીઓ બેરોકટોક પ્લાસ્ટીકના ઝબલાનું વેચાણ કરી રહ્યા છે. પર્યાવરણને નુકશાનરૂપ પ્લાસ્ટીક સર્દતર બંધ કરાવવા વહીવટી તંત્રના અધિકારીઓએ લાલ આંખ કરવી જોઈએ તેમ ચર્ચાય રહ્યું છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝબલાનું ધુમ વેચાણ થઈ રહ્યું હોવાની ભારે બુમરાણ દરમ્યાન ભિલોડા ઈન. મામલતદાર સંજયભાઈ પટેલ, ભિલોડા ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી ગોપાલભાઈ ભટ્ટએ સરપ્રાઈઝ ચેકીંગની કાર્યવાહી હાથ ધરતાં પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝબલાનું વેચાણ કરતાં વેપારીઓમાં ધોળા દિવસે ભારે ફફડાટ ફેલાયો હતો.

ભિલોડા એસ.ટી. બસ સ્ટેન્ડ સામે આવેલ પિન્કી કિરાણા સ્ટોર્સ નામની કરીયાણાની દુકાનમાંથી ૨૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝબલા વેચાણ દરમ્યાન ઝડપાયા હતા. વહીવટી તંત્રના અધિકારીઓએ માત્ર રૂા.૨૭૦૦/- નો દંડ વસુલી સંતોષ માન્યો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે વહીવટી તંત્રના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી હાથ ધરાય તો પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝબલાઓનો લાખ્ખો રૂપિયાનો માલ ઠેર-ઠેર થી ઝડપાઈ શકે તેમ લોકમુખે ચર્ચાય રહ્યું છે. નાના મોટા વેપારીઓ બેરોકટોક પ્લાસ્ટીકના ઝબલા ગ્રાહકોને આપી રહ્યા છે.

ભિલોડા તાલુકા મથક ખાતે અનેક પ્રકારના નાના-મોટા ધંધા સાથે સંકળાયેલા દુકાનદાર વેપારીઓ ગ્રાહકોને પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝબલા આપવાની ના પાડે તો અમુક ગ્રાહકો ચીજ વસ્તુની ખરીદી કરતા નથી ? એક તરફ મંદીના માહોલમાં દિવાળીનો તહેવાર હવે નજીકના દિવસોમાં છે.

શહેરના ખાણી-પીણી બજારમાં પીરસેલી ડીશમાં જીવડું નીકળતા હોહા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં રોગચાળો બેકાબુ બની રહ્યો છે. ત્યારે શહેરમાં બિન આરોગ્યપ્રદ ખોરાકની હાટડીઓ પણ ધમધમી રહી છે. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ દ્વારા કોઈ જ તપાસ કરવામાં આવતી નથી માત્ર કાગળ પર કામ કરીને સંતોષ માનવામાં આવે છે. ત્યારે શહેરમાં અનેક સ્થળોએ વિવિધ ફુડનું વેચાણ કરતા વેપારીઓ નાગરીકોને ગમે તેવો ખોરાક પધરાવી તેમના આરોગ્ય સામે ચેડા કરી રહ્યા છે. ત્યારે આવો જ કિસ્સો ગાંધીનગર શહેરના ઘ-૫ ખાણીપીણી બજારમાં આવેલી ફુડ કોર્ટમાં સામે આવ્યો છે. જેમાં એક વ્યકિતએ પોતાની મનગમતી ચીજવસ્તુનો જમવા માટે ઓર્ડર આપ્યો હતો. તેમાંથી જીવજંતુ નીકળતા વેપારીનું ધ્યાન દોર્યું હતું.પરંતુ વેપારી પણ જાણે ચોર કોટવાલને દંડે તેમ ગ્રાહકને ગમે તેમ બોલતા ગ્રાહકે પણ ખોરાક આરોગ્યા વિના ત્યાંથી ચાલતી પકડી હતી. ગ્રાહકે ખોરાકનો ફોટો પાડી જે તે સંબંધિત અધિકારીઓને દેખાડી કાયદેસરની કાર્યવાહી કરવા માટે કમરકસી છે.

ગાંધીનગર શહેરમાં ખાણીપીણી બજાર સવાર-સાંજ ધમેધમે છે. આ બજારમાં ૬૦ થી વધુ વેપારીઓ વિવિધ ચીજવસ્તુઓનો વેપાર કરે છે. જેમાં ચાઈનીઝ, પંજાબી, ગુજરાતી, પાઉંભાજી, પકોડી, દાબેલી, સેન્ડવીચ, પીઝા, ઈડલી, ઢોંસા, સહિતની ચીજવસ્તુઓ આરોગવા માટે નાગરીકો પડાપડી કરે છે. ગ્રાહક વેપારી માટે ભગવાન હોય છે. ત્યારે મોટાભાગના વેપારીઓ ખાદ્યચીજવસ્તુમાં ચોખ્ખાઈ અને ચોકસાઈ બંન્ને રાખે છે. તહેવારની મૌસમમાં ખાણીપીણી બજારમાં માનવ મહેરામણ ઉમટી પડે છે. ત્યારે કેટલાક વેપારીની ગંભીર બેદરકારીને પગલે અન્ય વેપારીઓને પણ પરેશાની વેઠવાનો વારો આવે છે. ચોખ્ખાઈ કે ચોકસાઈ ન રાખતા વેપારીની ભુલ અન્ય વેપારીઓને ભારે પડે છે. ત્યારે વેપારી નાનો હોય કે મોટો દરેક વ્યકિતએ ગ્રાહકને જમવાનું પીરસતા સમયે ધ્યાન ચોક્કસ રાખવુ પડે છે. નહીંતર તેના પરિણામની અસર ગંભીર બને છે.

ધાનેરા તાલુકાના માલોતરા અને મેડા ગામે ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ

ધાનેરા તાલુકાના માલોતરા અને મેડા ગામે ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી જેમાં લોકોએ ખૂબ જ ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું તો તો બીજી તરફ કોઈ

અણબનાવ ન બને તે માટે તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ધાનેરા તાલુકાના માલોત્રા ગામે આજે વહેલી સવારથી જ મતદાન મથકો પર લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે અને લોકો ખૂબ જ ઉત્સાહ સાથે મતદાન કરી રહ્યા છે ત્યારે ધાનેરા અને મેડા ગામ ની ગ્રામ પંચાયતમાં આજે ચૂંટણી યોજાઈ રહી છે આ ચૂંટણીમાં દરેક ઉમેદવારો પોતાની જીતનો દાવો કરી રહ્યા છે તો બીજી તરફ લોકો પણ ખૂબ જ ઉત્સાહ સાથે મતદાન કરી રહ્યા છે આવનારા લોકોને કોઈપણ જાતની તકલીફ ન પડે અથવા તો કોઈ પણ બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવે છે અત્યારે તો તમામ ઉમેદવારોને જીતનો દાવો કરી રહ્યા છે કોણ જીતે છે અને કોણ પરાજિત થાય છે તે તો સમય જ બતાવશે

હિંમતનગર ખાતે પ્રજા પિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સંચાલિત બ્રહ્માકુમારીઝનું ''શાંતિ સરોવર'' ૨૭ કરોડના ખર્ચે હિંમતનગરના બેરણા રોડ ઉપર આકાર લઈ રહ્યું છે. જેનું ખાતમુહૂર્ત તા. ૧૩ ઓક્ટોબરના રોજ સવારના ૯ થી ૧૨ કલાકે યોજવામાં આવ્યું હતુ. જેમાં આદરણીય રાજયોગીની બ્રહ્માકુમારી ચંદ્રીકાબેન, બીકે જ્યોતિબહેન, બીકે શોભાબહેન, બિન અનામત નિગમના ચેરમેન આદરણીય બી.એચ. ઘોડાસરા, નિવાસી અધિક કલેકટર વી. એલ. પટેલ, બીએસએનએલના જનરલ મેનેજર શ્રવણકુમાર, ડોક્ટર અરુણભાઈ પરીખ, પી.એ.ટુ કલેકટર નરેશભાઈ પટેલ, જુદા જુદા સેન્ટરની બ્રહ્માકુમારીઝ બહેનો તેમજ અન્ય આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં બાપદાદા પરમપિતા પરમાત્મા શિવ દ્વારા ખાતમુહૂર્ત વિધિ કરવામાં આવી. ત્યારબાદ પરમાત્માનો સંદેશો અપાયો અને ઉપસ્થિત આમંત્રિતો દ્વારા શ્રીફળ વધેરી ૫૧ વ્યક્તિઓએ ખાતમુર્હુત વિધિમાં ભાગ લીધો. ૩૦૦થી વધુ બ્રહ્માકુમારીઝ બ્રાહ્મણ પરિવાર ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા. આ સંકુલ છ હજાર પાંચસો વ્યક્તિઓ એક સાથે સહજ રાજયોગ મેડીટેશન કરી શકે તેમજ જુદી જુદી તાલીમી એક્ટિવિટી કરી શકે તેમજ દોઢસોથી વધુ વ્યક્તિઓ એક સાથે બ્રહ્મા ભોજન લઈ શકે તેવો ડાઈનીંગ હોલ, ઉપરાંત પિરિયડમાં મેડીટેશન કરી શકે, સુંદર ગાર્ડન અને જરૂરી તમામ સુવિધાઓ દાતા દિનેશભાઈ બલસારા પરિવાર તરફથી સહયોગી બની આકાર લઈ રહયુ છે. શિવબાબાના બાળકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

ભિલોડા ટ્રાફિક પોલીસની ઉઘરાણાં નીતિ ! વાહનચાલકો પરેશાન

હપ્તા આપતા વાહનોને છુટો દોર, નિર્દોષ વાહનચાલકોને દંડવાની કામગીરીથી ભારે રોષ

ભિલોડા,તા.૧૩

ટ્રાફીકના નવા નીતિ નિયમોના નામે છડેચોક લાખ્ખો રૂપિયાનું ઉઘરાણું કરાતું હોવાની ભારે બુમરાણ મચી જવા પામી છે.ભિલોડા ટ્રાફીક પોલીસની ઉઘરાણાંનીતિથી નિર્દોષ વાહન ચાલકો હેરાન પરેશાન પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે દર મહિને હપ્તા આપતા વાહન ચાલકોને બેરોકટોક મુસાફરો ખીચોખીચ ભરવાનો છુટો દોર આપી દીધો છે.નિર્દોષ વાહન ચાલકોને કોઈ પણ રીતે દંડવાની કામગીરીથી ભારે રોષ ભભુકી રહ્યો છે.

કેન્દ્ર સરકાર ધ્વારા તાજેતરમાં ટ્રાફીકના સુધારેલા નવા નીતિ નિયમોની અમલવારી શરૂ કરાતાં વાહન ચાલકોમાં ભારે આશંકા ઉઠી રહી હતી તે આશંકાઓ હવે સાચી રીતે પુરવાર થઈ રહી છે.ટ્રાફીક પોલીસે કાગળો,ઓવરલોડ સહિતના નામે વાહન ચાલકોને રીતસરના ખંખેરવાના શરૂ કરતાં નિર્દોષ વાહન ચાલકો પોલીસની આ કુટ નીતિનો ભોગ બનતાં વાહન ચાલકોમાં ભારે રોષની લાગણી જોવા મળે છે.ખીચોખીચ પેસેન્જરો ભરીને બેફામ દોડતા ઈક્કો,જીપો,છકડા,શટલીયા-રીક્ષા ચાલકો પોલીસને મલાઈદાર હપ્તા આપતા હોઈ હપ્તારાજમાં મદમસ્ત બની છુટો દોર આપનાર પોલીસકર્મીઓ નિર્દોષ વાહન ચાલકોને દંડવામાં કે તેમના ખીસ્સા ઢીલા કરવામાં કોઈ જ કસર છોડતા ન હોવાનું અનેક લોકોમાં ભારે જોર શોરથી ચર્ચાઈ રહ્યું છે.પી.એસ.આઈ. પણ ખુદ વાકેફ હોવા છતાં પોલીસ કર્મીઓને તો જાણે કે છાવરી રહ્યા હોય તેમ જનતાને લાગી રહ્યું છે.ટ્રાફીકના નવા નીતિ નિયમોની અમલવારી કરવામાં હજુ પણ વિલંબ થઈ રહ્યો હોઈ તેમ ચર્ચાઈ રહ્યું છે.ખુદ રાજ્ય સરકાર પણ નાગરીકોની મુશ્કેલી સમજી તેમાં અંશત : રાહત આપી રહી છે તેવા સમયે ટ્રાફીક પોલીસ કર્મીઓ નવા ટ્રાફીકના નિયમોનો ડર બતાવી યેનકેન પ્રકારે વાહન ચાલકોને ડરાવી રહ્યા હોવાની ચોકાવનારી વિગતો સરાજાહેર ચર્ચાઈ છે.પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટ્રાફીકને નડતરરૂપ રીતે ઉભા રહેતા રીક્ષા ચાલકો કે શટલીયા વાહન ચાલકો કાયદાનો ભંગ કરતા હોવા છતાં નજરે ચડતા ન હોય તેમ પોલીસ આંખ મીચામણા કરે છે.

લાગણીનો મેળો ● ચોથા પાનાનું ચાલુ

હે માં, હું અબુધ કાંઈ જાણતો નથી, મા હવે તો તું જ મારી ગતિ છે, મા હવે તો તારા શરણે છું. શંકરાચાર્યજીએ માતાની અભ્યર્થનામાં 'ભવાન્યષ્ટકમ્' અને ત્યારબાદ 'દેવ્યપરાધમક્ષમા સ્તોત્ર'ની રચના કરે છે. અદ્વૈતવાદના પ્રણેતા શંકરાચાર્યને પણ શક્તિને સ્વીકારવી પડી છે તો આપણી શું વિસાત !! મિત્રો, આ જગતમાં દુ:ખમાં ત્રણ કારણો છે : ૧) અજ્ઞાન, ૨) અભાવ ૩) અશક્તિ.

હ્રીં (સરસ્વતી) ની ઉપાસનાથી અજ્ઞાન નાશ પામે છે. શ્રીં (લક્ષ્મી) ની ઉપાસનાથી અભાવ દૂર થાય છે અને ક્લીં (કાલી) ની ઉપાસનાથી અશક્તિ અદૃશ્ય થાય છે. આમ માતાજીની ઉપાસનાથી બુદ્ધિ પવિત્ર બને છે અને આ વિશુદ્ધ બુદ્ધિ જ કામધેનુ રૂપ છે.

નવલાં નોરતાના સૌ સાધકોને ખુબ ખુબ શુભેચ્છાઓ... હે માં તુ જ સર્વસ્વ છો...

'વિવાદે વિષાદે પ્રમાદે પ્રવાસે જલે ચાનલે પર્વતે શત્રુમધ્યે ।
અરણ્યે શરણ્યે સદામાં પ્રપાહિ ગતિસ્ત્વંગતિસ્ત્વં ત્વમેકા ભવિના ॥'

સ્પર્શમણિ :

ઘણી મેં શોધ કરી 'શ્લોક' ને 'સ્તુતિ'માં
ઈશ્વર આખરે મળ્યો 'સ્નેહ' અને 'સહાનુભૂતિ'માં.

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

મોટી આદરજ ગામે વરલી મટકા રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા આદરજ મોટી ગામે જેઠાખાંટના વાસ ખાતે રહેતા કાળાજી બેચરજી ઠાકોર ગામની ભાગોળે બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતા પોલીસના હાથે રંગેહાથ પકડાઈ ગયા છે. પોલીસે સટ્ટાસ્લીપ તેમજ બોલપેન સહિત અંગજડતી દરમિયાન કુલ રૂ.૩૭૦ મુદ્દામાલ સાથે પકડી પાડી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાખર ગામના પરા વિસ્તારમાં જવાના રસ્તાથી ગ્રામજનો ત્રસ્ત

અંદાજિત ૨૦૦ થી ૨૫૦ વિદ્યાર્થીઓ અને ૨૫૦ થી ૩૦૦ જેટલા દૂધ મંડળીના ગ્રાહકો આ રસ્તાના કારણે ભારે હાલાકી સહન કરી રહ્યા છે !

દાંતીવાડા તાલુકામાં આવેલ ભાખર ગામમાંથી ગામના પરા વિસ્તારમાં જવા માટેનો રસ્તો ભારે જોખમી છે.

આ રસ્તા પર ઉનાળામાં લોકો માટીથી હેરાન થાય છે ત્યારે ચોમાસામાં લોકો રસ્તા પર ઠેર-ઠેર પાણી ભરાઈ જાય છે જેના કારણે વિદ્યાર્થીઓ શાળાએ જઈ સકતા નથી દુધઉત્પાદકો દૂધ મંડળીએ જઈ સકતા નથી અને ભારે નુકશાન ભોગવવું પડે છે ગુજરાતમાં અનેક વિકાસ ના કામો થયા છે અને ગામે ગામ રસ્તાઓના વિકાસ ની વાતો થઈ રહી છે.

પરંતુ આ વિસ્તાર રસ્તાથી વર્ષોથી વંચિત છે ગ્રામજનો દ્વારા અવારનવાર ઉપરી અધિકારીઓ ને મૌખિક તેમજ લેખિત રજુવાતો કરવામાં આવેલ પરંતુ તંત્ર દ્વારા કોઈ તાબડતોબ પગલાં લેવામાં નથી આવ્યા ગ્રામજનોમાં લોકમાંગ ઉઠવા પામી છે કે જવાબદાર અધિકારીઓ પોતાની જવાબદારી થી સજાગ થઈ તાબડતોબ આ રસ્તા નું કામ ચાલુ કરાવે.